# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21/10/2025** **Morning : 7.10 to 7.20**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **રાજ્યમા ભારે વરસાદથી અસરગ્રસ્ત ખેડૂતોને વળતર પેટે સરકારે 947 કરોડ રૂપિયાનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવીને નાગરિકોને સ્વદેશી અપનાવવા અપીલ કરી.**
3. **આજે પોલીસ સંભારણા દિન નિમિત્તે શહિદ પોલીસ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાશે.**
4. **રાજ્યભરમાં દિવાળીની ઉત્સાહ, ઉલ્લાસ અને ઉમંગ સાથે ઉજવણી.**
5. **અમદાવાદમાં ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળીના દિવસ સુધી 9 લાખ લોકોએ AMTSમાં મફતમાં મુસાફરી કરી.**
6. **રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વધુ ચાર દિવસ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના.**

--------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# KHEDUT LAKSHI NIRNAY

રાજ્યમા ગત  ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં થયેલા ભારે વરસાદથી પાકને વ્યાપક નુકસાન થયું હતું. આ નુકસાનના વળતર પેટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય પેટે SDRFની જોગવાઈ મુજબ 563 કરોડ અને રાજ્ય બજેટમાંથી કુલ 384 કરોડ રૂપિયાની વધારાની સહાય ઉમેરી 947 કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું છે. રાજ્ય સરકાર દ્વારા પાંચ જિલ્લાઓના 18 તાલુકાઓના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવાશે.

વાવ-થરાદ અને પાટણ જીલ્લાના નીચાણ વાળા વિસ્તારોમાં ભારે વરસાદથી પાણી ભરાવવાની સમસ્યા રહેતી હોય છે એવા ખેડૂતોની સમસ્યાના નિવારણ માટે સૌ પ્રથમવાર અલગથી બે હજાર પાંચસો 500 કરોડની જોગવાઈ કરાશે અને વધુ જરૂર પડશે તો પાંચ હજાર કરોડ કે તેથી વધુની જે જરૂર પડે એની પણ જોગવાઈ કરાશે.

---

# RAJKOT RADADIYA

રાજકોટ જિલ્લા ના જેતપુર-જામકંડોરણાના ધારાસભ્ય જયેશ રાદડિયાએ ગઈકાલે જેતપુરમાં રેલવે ફાટક પર નિર્મિત ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું. આ ઓવરબ્રિજ ધોરાજી, ઉપલેટા અને પોરબંદર જેવા શહેરને જોડતો મહત્વનો માર્ગ છે.

વર્ષોથી ટ્રાફિકજામ અને રેલવે ફાટક બંધ રહેવાના કારણે લોકોને મુશ્કેલી પડતી હતી. લોકોએ આ અંગે રાજ્ય સરકારને રજૂઆત કરી હતી. આ અંગે ધારાસભ્ય જયેશ રાદડિયાએ વધુ માહિતી આપી.

**(BYTE: JAYESH RADADIYA, MLA)**

---

## CM NEW YEAR MESSAGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. મુખ્યમંત્રીએ વિક્રમ સંવત 2082નું નવું વર્ષ સૌ માટે વિકાસ અને સમૃદ્ધિનું વર્ષ બની રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

'હર ઘર સ્વદેશી , ઘર ઘર સ્વદેશી ' અને "Vocal for Local"ના મંત્રથી "આત્મનિર્ભર ભારત "નો સંદેશ ઘરે-ઘરે પહોંચાડવા સંકલ્પબદ્ધ થવા નાગરિકોન અપીલ કરી છે.

તેમણે સૌ નાગરિક ભાઈ-બહેનો અને વિશ્વભરમાં પથરાયેલા ગુજરાતી પરિવારોને વિક્રમ સંવત 2082ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે. તેમણે વિક્રમ સંવતના આ નવા વર્ષે સૌને નવા ઉત્સાહ , આનંદ અને સમૃદ્ધિના માર્ગે આગળ વધવાની શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રીએ નાગરિકોને અપીલ કરી છે કે , આ તહેવારોમાં સૌ નાગરિકો સ્થાનિક વેપારીઓ, કારીગરો અને ઉદ્યોગકારો પાસેથી ખરીદી કરવા સંકલ્પબદ્ધ થઈને 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી'થી "Vocal for Local" દ્વારા "આત્મનિર્ભર ભારત"નો સંદેશ ઘરે-ઘરે પહોંચાડે.

---

# DGP MENTOR PROJECT

ગુનાખોરી અટકાવવા પોલીસે રાજ્યમાં મેન્ટર પ્રોજેક્ટ અમલમાં મૂક્યો છે. જેમાં નાર્કોટિક્સ અને મિલકત સંબંધી ગુનાઓ માટે ગુજરાત પોલીસે મેન્ટર પ્રોજેક્ટ શરૂ કર્યો છે.

આ પ્રોજેક્ટ અંગેની વિગતો આપતા રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, પાંચ વર્ષમા આવા ગુનાઓમાં પકડાયેલ આરોપીઓની યાદી તૈયાર કરાઈ છે. દરેક જિ લ્લા અને શહેરોની આવા આરોપીની માહિતી મોકલવામાં આવી છે.

પોલીસ સ્ટેશન વિસ્તારમાં રહેતા આવા આરોપીની જવાબદારી પોલીસ ને સોંપાઈ છે. મેન્ટર તરીકે સ્થાનિક પોલીસે આવા આરોપી પર નજર રાખવાની રહેશે.

## બાઇટ- વિકાસ સહાય, ડીજીપી

---

# ASRANI

પીઢ અભિનેતા ગોવર્ધન અસરાનીનું ગઈકાલે મુંબઈમાં ૮૪ વર્ષની વયે નિધન થયું. તેમણે ગઇકાલે સાંજે ૪ વાગ્યાની આસપાસ અંતિમ શ્વાસ લીધા. શોલેમાં જેલરની ભૂમિકા માટે જાણીતા મૂળ રાજસ્થાનના જયપુરના રહેવાસી અસરાનીએ ભારતીય સિનેમામાં એક નોંધપાત્ર સફર ખેડી હતી. પાંચ દાયકાથી

વધુ લાંબી કારકિર્દી સાથે, અસરાનીનું હિન્દી સિનેમામાં ઉપરાંત ગુજરાતી ફિલ્મોમાં પણ મહત્વનુ યોગદાન રહ્યું છે.

શ્રી અસરાનીનું ગુજરાતી ફિલ્મનું એક ગીત હું અમદાવાદનો રિક્ષા વાળો ખૂબ જ પ્રખ્યાત થયું હતું.

---

## POLICE SAMBHARANA DIWAS

દેશભરની સાથેસાથે રાજ્યમાં પણ પોલીસ સંભારણા દિવસ મનાવવામાં આવશે. આજના આ દિને શહિદ થયેલા પોલીસકર્મીઓ અને પોલીસ અધિકારીઓને શ્રધ્ધાંજલી અર્પવામાં આવે છે.

આજના આ દિવસ નિમિત્તે અમદાવાદ શહેરના શાહિબાગ સ્થિત પોલીસ મુખ્યમથક ખાતે શહિદ પોલીસ કર્મીઓને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે. જ્યારે સુરત ખાતેના આ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે અને શહિદોને શ્રધ્ધાંજલી અર્પશે.

---

## DIWALI CELEBRATION

સમગ્ર દેશમાં અને રાજ્યભરમાં પ્રકાશના પર્વ દિવાળીની ઉજવણી કરવામાં આવી અને આવનાર નવા વર્ષને આવકારવા માટે મંદિરો , ઘરો અને અન્ય જાહેર સ્થળો પર રોશનીનો વિશેષ શણગાર કરાયો છે.

આણંદ જિલ્લામાં ઉત્સાહ અને ઉમંગભેર દિવાળીની ઉજવણી કરવામાં આવી. શુભ મુહુર્તમાં ચોપડા પૂજન, શારદા પૂજન કરાયું.

સોમનાથ મંદિરમાં દીપાવલી પર્વની ઓનલાઇન ઉજવણી કરાઈ અને ભક્તો ગણેશજી અને લક્ષ્મી પૂજનમાં મોટી સંખ્યામાં જોડાયા.

બનાસકાંઠા જિલ્લામાં પણ દિવાળી પર્વ નિમિત્તે શક્તિપીઠ અંબાજી મંદિર સહિત મંદિરોમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે. રાજ્યના પર્યાવરણ મંત્રી પ્રવીણ માળીએ દાંતિવાડા સ્થિત બીએસએફ હેડ ક્વાર્ટર ખાતે અને રાજ્યના ગ્રામોદ્યોગ મંત્રી સ્વરૂપજી ઠાકોરે નડાબેટ ખાતે જવાનો સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

ભાવનગરમાં દિવાળી પર્વની ભાવસભર ઉજવણી કરવામાં આવી કૃષિમંત્રી જીતુ વાઘાણીએ રાજપરા ખોડિયાર મંદિરે જઈ દર્શન કરી આર્શીવાદ મેળવ્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લામાં દિવાળીનો પર્વ લોકોએ ધામધૂમથી ઉજવ્યો. ચોટીલા ધામમાં તહેવાર શરૂ થયા ત્યારથી જ ભક્તોનો ધસારો જોવા મળ્યો છે અને કાલે નવા વર્ષ નિમિત્તે પણ ભક્તો સરળતાથી માં ચામુંડાના દર્શન કરી શકે તે માટે મંદિરના દ્વાર વહેલી સવારે ખોલી નાખવામાં આવશે..

સાંભળીએ અમારા પ્રતિનિધિ દિનેશ પરમારનો અહેવાલ....

## (વોઈસ કાસ્ટ – દિનેશ પરમાર)

---

## AMTS FREE SEVA

અમદાવાદમાં ધનતેરસ, કાળી ચૌદસ અને દિવાળીના દિવસ સુધી 9 લાખ લોકોએ AMTSમાં મફતમાં મુસાફરી કરી. ધનતેરસ અને કાળી ચૌદસે 6 લાખ નાગરિકોએ મફત મુસાફરીનો લાભ મેળવ્યો છે.

AMTSના ચેરમેન દ્વારા પહેલીવાર શહેરના નાગરિકોને દિવાળી ભેટ સ્વરૂપે દિવાળીના ત્રણ દિવસ દરમિયાન મફત મુસાફરીની ભેટ આપવામાં આવી હતી.

લોકો પોતાના ઘરેથી બજારમાં ખરીદી કરવા માટે મફત મુસાફરી કરી શકે તે માટે આ નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ જાહેરાત બાદ પ્રતિદિન 3 લાખ કરતા વધારે નાગરિકોએ મફત મુસાફરીનો લાભ લીધો છે.

---

## WEATHER

રાજ્યના અમુક વિસ્તારોમાં હજુ ચાર દિવસ વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે.

રાજસ્થાન, મધ્યપ્રદેશમાં અપર એર સાઈક્લોનિક સરક્યુલેશન સિસ્ટમ સક્રીય છે. આ સિસ્ટમના સાથે પવનની દિશા બદલાઈ છે. જેને કારણે આગામી ચાર દિવસ અમદાવાદ શહેરમાં વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે.

આ સાથે ચાર દિવસ શહેરમાં તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નહિંવત છે. તેમ છતાં ઠંડા પવન અને વાદળછાયા વાતાવરણને કારણે ગરમીથી રાહત મળશે.

---

## RAJYPAL SPAKER MEETING

ગાંધીનગરમાં રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. રાજ્યપાલે વિધાનસભાના અધ્યક્ષનું પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ શાલ ઓઢાડી સમ્માન કર્યું હતું.

**રાજ્યપાલ અને અધ્યક્ષે એક બીજાને દિપોત્સવ પર્વની શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે રાજ્યપાલે દેશમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન, આત્મનિર્ભર ભારત, સ્વચ્છતા અભિયાન જેવા વિષયો પર અધ્યક્ષ સાથે ચર્ચા કરી હતી.**

**અધ્યક્ષએ ગુજરાત વિધાનસભા દ્વારા કરાયેલા નવીનત્તમ પ્રયાસોની રાજ્યપાલને માહિતી પુરી પાડી હતી.**

---